નવગુજરાત સમય

**અણઆવડત:** ડબલ શીફ્ટ છતાં એક જ શીફ્ટમાં વિદ્યાર્થીઓને ભેગા કરીને અભ્યાસ કરાવતાં કોલેજ સંચાલકો

# ઈજનેરની 22 હજાર બેઠક ખાલી છતાં ડબલ શીફ્ટ

**નવગુજરાત સમય** > અમદાવાદ

ગુજરાતમાં હાલ ધો.૧૨ સાયન્સની પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓ પૈકી એ ગ્રૂપના વિદ્યાર્થીઓને કઈ કોલેજમાં પ્રવેશ મળશે તેની કોઈ ચિંતા નથી. પરંતુ કોલેજ સંચાલકોને વિદ્યાર્થીઓ મળશે કે નહી તેની ચિંતા અત્યારથી શરૂ થઈ ચુકી છે. કારણ કે ગયા વર્ષે સળંગ ચાર રિશફલિંગ પછી પણ અંદાજે ૨૨ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. અનેક ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો એવી છે કે જેમને આંગળીને વેઢે ગણાય તેટલા વિદ્યાર્થીઓ પણ મળ્યા નથી. આ સ્થિતિમાં પણ હાલ રાજ્યમાં જ ૭૦ જેટલી કોલેજો ડબલ શીફ્ટમાં ચલાવવામાં આવી રહી છે. ડબલ શીફ્ટના નામે ડબલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા પછી પણ કોલેજો માત્ર એક જ શીફ્ટમાં ચાલે છે. ખાલી પડતી કોલેજોને જીવનદાન મળી રહે તે માટે પણ ડબલ શીફ્ટ બંધ થવી જોઈએ તેવી માંગણી સંચાલકો દ્વારા શરૂ થઈ હોવાની વિગતો બહાર આવી છે.



રાજયમાં હાલ અંદાજે ૧૧૪ જેટલી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો અસ્તિત્વમાં છે. જેમાં અનેક પ્રકારની જુદી જુદી બ્રાન્ચો ચલાવવામાં આવે છે. ગયા વર્ષે સાત નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી હતી. કુલ ૧૦૭ કોલેજો પૈકી ૭૦ કોલેજો એવી છે કે જેમાં કોઈને કોઈ બ્રાન્ચમાં ડબલ શીફ્ટમાં કોલેજ ચલાવવામાં આવે છે. સૂત્રો કહે છે કાઉન્સિલ દ્વારા જે વિસ્તારમાં કોલેજો ઓછી હોય તેવા વિસ્તારમાં એક જ કોલેજની માળખાકીય સુવિધાઓનો વધારે વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તેવા આશયથી ડબલશીફટની મંજુરી આપવાની જાહેરાત કરી હતી. રાજયમાં શહેર અને અંતરિયાળ વિસ્તારના અનેક કોલેજ સંચાલકોએ આ નવી સ્કીમનો લાભ લઈને ડબલશીફ્ટ શરૂ કરી દીધી હતી.

સૂત્રો કહે છે જે તે સમયે કોઈ ચોક્કસ બ્રાન્ચમાં પ્રવેશ માટે લાખો રૂપિયા ડોનેશન લેવામાં આવતું હતુ. જેના લીધે પણ અનેક સંચાલકોએ પોતાની ક્રીમ ગણાતી બ્રાન્ચમાં ઈન્ટેક વધારીને ડબલ શીફ્ટમાં ચલાવવાની મંજુરી મેળવી હતી. સમયાંતરે કોલેજો અને બ્રાન્ચોની સંખ્યા વધતાં ચાલુ વર્ષે સળંગ ચાર વખત રિશફલિંગ કરવા છતાં ૨૨ હજાર બેઠકો ખાલી પડી રહી છે. સૂત્રો કહે છે અનેક કોલેજ સંચાલકોને સિંગલશીફ્ટમાં પણ વિદ્યાર્થીઓ મળતા નથી. ત્યારે ડબલશીફ્ટના નામે કેટલાક કોલેજ સંચાલકો વધુને વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દેતાં હોય છે.

ડબલશીફ્ટમાં પ્રવેશ આપ્યા પછી પણ વાસ્તવિક્તા એ છે કે એકપણ કોલેજ ડબલશીફ્ટમાં ચાલતી નથી. બન્ને શીફ્ટના વિદ્યાર્થીઓને ભેગા કરીને એક જ શીફ્ટમાં અભ્યાસ કરાવવામાં આવતો હોય છે. જે કોલેજોને ગણતરીની સંખ્યામાં વિદ્યાર્થીઓ મળે છે અથવા તો કોલેજ ખાલી પડે છે તેવા સંચાલકોએ ડબલશીફ્ટમાં ચાલતી કોલેજો બંધ કરવાની માંગણી કરી છે. જો ડબલ શીફ્ટ બંધ થાય તો ખાલી પડતી કેટલીક કોલેજોને જીવનદાન મળી શકે તેમ હોવાની રજૂઆતો પણ સંચાલકો દ્વારા ઉચ્ચસ્તરે કરવામાં આવી છે.

## કોલેજો બંધ કરવાના નિયમો હળવા કરવા જોઈએ

શહેરી વિસ્તારોમાં આવેલી ડબલશીફ્ટ ચલાવતી ઇજનેરી કોલેજોને પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી રહી છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારની ડબલશીફ્ટની કોલેજોને વિદ્યાર્થીઓ મળતા નથી. હાલમાં ગ્રામ્ય વિસ્તારની અનેક કોલેજો એવી છે કે જેઓ ડબલશીફ્ટ બંધ કરવા ઇચ્છે છે પરંતુ કાઉન્સિલના કડક નિયમોના કારણે કોલેજો બંધ કરી શકાતી નથી. સંચાલકો કહે છે આગામી દિવસોમાં કાઉન્સિલ દ્વારા કોલેજ બંધ કરવાના નિયમો હળવા કરવામાં આવે તો રાજયની અંતરિયાળ વિસ્તારની અનેક ડબલશીફ્ટ ચલાવતી કોલેજો બંધ થાય તેમ છે.

## ડિગ્રી ઇજનેરી કોલેજોનું ઇન્સ્પેક્શન જ થતુ નથી !

કાઉન્સિલ પાસેથી ડબલ શીફ્ટની મંજૂરી મેળવ્યા પછી કોઇ કોલેજો ડબલ શીફ્ટમાં ચાલતી નથી. બીજી શીફ્ટના વિદ્યાર્થીઓને પહેલી શીફ્ટ સાથે બેસાડીને એક જ પ્રોફેસરો દ્વારા અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. જેના લીધે પહેલી શીફ્ટમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને પણ ભારે મુશ્કેલી નડી રહી છે. સૂત્રો કહે છે જીટીયુ દ્વારા ડિગ્રી ઇજનેરી કોલેજની કોઇ તપાસ કે ઇન્સ્પેક્શન જ થતુ ન હોવાથી પોલમપોલ ચાલી રહી છે. જો ઇન્સ્પેક્શન થાય તો મોટાપાયે ગેરરીતિઓ બહાર આવે તેમ છે. પરંતુ અગમ્ય કારણોસર જીટીયુ દ્વારા કોઇ કોલેજની તપાસ સુદ્ધા કરવામાં આવતી નથી.